યુધ્ધ જાગીર એલાઉન્સમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મસક–૧૦૨૦૧૩–૧૯૨૫–ફ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૦૬/૦૪/૨૦૧૫

વંચાણે લીધાઃ–
(૧) ગૃહ વિભાગનો તા. ૧૮/૮/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ મસક–૧૦૯૭–૫૩૮–ફ
(૨) નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, અમદાવાદનો તા. ૧૩/૦૧/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ નસકપ/૬૦/અથસ–૯/૨૦૧૫.

ઠરાવઃ–

ઉકત આમુખ ક્રમાંક–(૧)માં દર્શાવાયેલ સંદર્ભથી સંરક્ષણ દળમાં જોડાનાર ગુજરાત રાજયના યુવક/યુવતીઓના માતા–પિતાની કદર માટે તેમજ રાજયમાં વસતા વધુ માતા–પિતાઓને પોતાના પુત્રો–પુત્રીઓની સંરક્ષણ સેવામાં જોડાવા માટે પ્રોત્સાહન મળે તે માટે ગુજરાત સરકાર તરફથી " યુધ્ધ જાગીર એલાઉન્સ" મંજૂર કરવામાં આવેલ હતું. પ્રસ્તુત મંજૂરીને ઘણા વર્ષો થયા હોઈ, નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, અમદાવાદ ધ્વારા ઉકત આમુખ ક્રમાંકઃ (૨) થી કરવામાં આવેલ યુધ્ધ જાગીર ભથ્થાની રકમમાં વધારો કરવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. કાળજીપૂર્વકની વિચારણાના અંતે જે માતા–પિતાના સંતાનો સંરક્ષણ દળમાં જોડાયા હોય, તેમને નીચે જણાવ્યા મુજબ વધારો કરી " યુધ્ધ જાગીર એલાઉન્સ" આપવાનું સરકારે ઠરાવેલ છે.

| ક્રમ | વિગત | પ્રવર્તમાન વાર્ષિક દર | સુધારેલ વાર્ષિક દર |
|---|---|---|---|
| ૧ | એકનું એક સંતાન સંરક્ષણ દળમાં જોડાય તેના માતા–પિતાને સહાય | ૧૦૦૦ | રૂા. ૫,૦૦૦ |
| ૨ | બે સંતાન સંરક્ષણ દળમાં જોડાય તેના માતા–પિતાને સહાય | ૨૦૦૦ | રૂા. ૧૦,૦૦૦ |
| ૩ | બે કરતાં વધારે સંતાન સંરક્ષણ દળમાં જોડાય તેના માતા–પિતાને સહાય | ૨૫૦૦ | રૂા. ૧૨,૫૦૦ |

૩. આ યોજનાનો અમલ નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટની કચેરી, ગુજરાત રાજય, અમદાવાદે કરવાનો રહેશે અને તે નીચેની શરતો / જોગવાઈઓને આધીન રહીને કરવાનો રહેશે.

...૨...

(૧) નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટે જે તે સંરક્ષણ દળની કચેરીઓ પાસેથી સંરક્ષણ દળમાં જોડાયેલા જવાનોની અધિકૃત વિગતો મેળવીને તેમના માતા–પિતાને આ યોજનાનો લાભ આપવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૨) સદરહુ એલાઉન્સ મંજૂર કરવાની કામગીરી દર વર્ષે કરવાની રહેશે તથા એક વર્ષની નોકરી દીઠ એક વર્ષનું એલાઉન્સ મળવાપાત્ર થશે. જે વર્ષ દરમ્યાન જવાને તેની ફરજ બજાવી હશે, તે વર્ષને ધ્યાનમાં રાખીને તેના માતા પિતાને આ એલાઉન્સ મળવાપાત્ર થશે. જો કોઈ કારણસર જવાન અધવચ્ચે તેની સંરક્ષણ દળની નોકરી સમાપ્ત કરે કે તેની નોકરી સમાપ્ત કરવામાં આવે અથવા તે સેવા નિવૃત્ત થાય તો તે સંજોગોમાં તેના માતા–પિતાને આ એલાઉન્સ ચુકવવાનું બંધ કરવામાં આવશે.

(૩) આ એલાઉન્સના લાભાર્થી માતા–પિતાને તેની રકમ ડ્રાફ્ટ/ચેક (સ્થાનિક) થી ચુકવવાની રહેશે.

(૪) સંરક્ષણ દળના નિયમિત સભ્ય બનનાર જવાન તેમના માતા–પિતાને આ એલાઉન્સ આપવા અંગે નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટની કચેરીને જાણ કરી શકશે અને તેના આધારે નિયામકે ઘટતી ચકાસણી કરીને આ એલાઉન્સ તેના માતા–પિતાને ચુકવવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૫) સંરક્ષણ દળના નિયમિત સભ્ય બનનાર જવાન આ એલાઉન્સના હેતુ માટે તેના જાહેર કરેલા NOK (Next of Kin) ની નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટની કચેરીને જાણ કરી શકશે.

૪. આ અંગેનો ખર્ચ આયોજન બહાર માંગણી નં. ૪૬, મુખ્ય સદરઃ ૨૨૩૫ સામાજીક સુરક્ષા અને કલ્યાણ, ગૌણ સદરઃ (૨૦૦) અન્ય યોજનાઓ પેટા સદર (૫) " યુધ્ધ જાગીર એલાઉન્સ" એ સદર હેઠળ ઉધારવાનો રહેશે. આ અંગેનો ખર્ચ જે તે વર્ષ માટે મંજૂર થયેલ અનુદાનમાંથી મેળવવાનો રહેશે.

...૩...

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મંજૂરી અન્વયે અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) ની તા. ૩૦/૩/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઉમેશ શર્મા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય,ગૌરવ સેનાની ભવન, શાહીબાગ, એરપોર્ટ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪
- જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રી, અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત/મહેસાણા/ભૂજ-કચ્છ/જામનગર/સાબરકાંઠા-હિંમતનગર
- નાણા સલાહકારશ્રી (ગૃહ),સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- એ.જી.રાજકોટ/અમદાવાદ
- તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત/મહેસાણા/ભૂજ-કચ્છ/જામનગર/સાબરકાંઠા-હિંમતનગર
- સેકશન અધિકારીશ્રી, આર-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ.